# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગ ખાતે થયેલી ગૌરવ દિવસની ઉજવણીમાં 102 કરોડ 87 લાખ રૂપિયાના 37 વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું.
2. રાજ્યભરમાં આજે સ્વાતંત્ર્ય સેનાની-ભગવાન બિરસા મૂંડાની 150 મી જન્મ જયંતિ ઉજવાઇ રહી છે.
3. પોરબંદર નજીકનાં દરિયામાંથી 3 હજાર 500 કરોડ રૂપિયાની કિંમતના 700 કિલો માદક પદાર્થોની સાથે આઠ ઇરાનીઓની ધરપકડ
4. રાજ્યમાં બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત નીપજ્યા
5. સમગ્ર રાજ્યમાં આજે દેવદિવાળી અને ગુરૂનાનક જયંતીની ઉજવણી કરાઇ રહી છે.

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM DANG – BIRSA MUNDA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યકક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ડાંગ ખાતે થયેલી ઉજવણીમાં 102 કરોડ 87 લાખ રૂપિયાના 37 વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું હતું. 568 જેટલા લાભાર્થીઓને બે કરોડ 34 લાખના યોજનાકીય લાભો એનાયત કરાયા.

બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ડાંગમાં યોજાયેલા રાજ્યકક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દર પટેલે સ્વાતંત્ર્ય સંગ્રામના આદિવાસી અગ્રીમ યોદ્ધા બિરસા મુંડાની મહાત્મા બનવા સુધીની યાત્રાની ઝાંખી કરાવી હતી. તેમણે કહ્યું હતું કે આજે આદિજાતિ વિકાસમાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે, તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારના વિકાસના કાર્યો નાણાંના અભાવે ક્યારેય અટકશે નહીં.

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડીંડોરે બિરસા મુંડાની જન્મજયંતીની ઉજવણીની વિસ્તૃત માહિતી આપી હતી.

(બાઇટ – કુબેર ડીંડોર, આદિજાતિ વિકાસ મંત્રી)

........................

## GAURAV DIVAS UJAVNI- DISTRICT

રાજ્યભરમાં આજે સ્વતંત્ર સેનાની ભગવાન બિરસા મૂંડાની 150 મી જન્મ જયંતિને ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાણાગઢ-લીંબડી ખાતે યોજાયેલા એક કાર્યક્રમ માં તેમણે જણાવ્યું હતું કે, આદિમ જૂથના તમામ

પરિવારોને શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળી, સિંચાઇ, કૃષિ, આવાસ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવતા આદિવાસી પરિવારો આર્થિક પ્રગતિ કરી રહ્યા છે .

અમદાવાદના શિયાળ ગામ ખાતે પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાની ઉપસ્થિતિમાં જનજાતીય ગૌરવ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઇ. આ પ્રસંગે એક આરોગ્ય તપાસ શિબિર પણ યોજાઈ.

તાપી જિલ્લાના વ્યારા ખાતે રાજ્ય કક્ષાના વન પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ સહિત અનેક અધિકારીઓની ઉપસ્થિતિમાં ગૌરવ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ આજથી 27 દિવસ સુધી શબરીધામ થી અંબાજી સુધી ચાલનાર છે, આ દરમ્યાન આદિવાસી સંસ્કૃતિ અને વિરાસત, લોકલ ટુ ગ્લોબલ ,ઉદ્યોગ સાહસિક કારીગરોની કળાનું પ્રદર્શન જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

(બાઇટ – મુકેશ પટેલ , વન પર્યાવરણ મંત્રી )

વલસાડના ધરમપુરના રાજચંદ્ર આશ્રમ ખાતે જિલ્લાકક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી શિક્ષણ મંત્રી પ્રફૂલપાનસેરીયાની અધ્યક્ષતામાં કરાઇ. આ પ્રસંગે વલસાડ જિલ્લાના લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભો આપવામાં આવ્યા.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા બીજેપી કાર્યાલય ખાતે પાર્ટીના હોદેદારો કાર્યકરો એ ભગવાન બિરસા મુંડાની તસ્વીર પર પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

પાટણ ખાતે સૂર્યનગર ભીલવાસ ખાતે આવેલ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને નગરપાલિકાના અધિકારીઓ દ્વારા કુલહાર અર્પણ કરી ભવાંજલી આપવામાં આવી. આ પ્રસંગે સાંજે પ્રતિમા સમક્ષ મહાઆરતી તેમજ આદિવાસી સમાજની બહેનો દ્વારા મીઠાઈ વિતરણ કરાયું.

--------

## GOVERNOR - BIRSA MUNDA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ભરૂચના નેત્રંગમાં બિરસા મુંડાની 150મી જન્મજયંતિ – જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું હતું કે આદિવાસી સમુદાય માટે બિરસા મુંડા પ્રેરણાસ્રોત સમાન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર વિવિધ તબક્કા અલાયદા બજેટની જોગવાઇ દ્વારા આદિવાસી સમાજના વિકાસને વેગવાન બનાવી રહી છે.

આ પ્રસંગે ધરતી આબા ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો નેત્રંગથી રાજ્યપાલે શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક રમણભાઇ સોલંકી અને ભરૂચના સાંસદ મનસુખ વસાવા ઉપસ્થિત રહ્યા હતાં.

-----------------

## NVS-C.R.PATIL – BIRSA MUNDA

કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને ચીખલી ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સી.આર. પાટીલે કહ્યું હતું કે વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત સંકલ્પને હાંસલ કરવા માટે આદિમજૂથ સમુદાયના લોકોનો સર્વાંગી વિકાસ થાય તે પીએમ જનમત અભિયાનનો મુખ્ય હેતુ છે. આદિવાસી સમાજ મજબૂત અને તે માટે અનેક યોજનાઓ શરૂ કરવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે કર્યું છે.

આ પ્રસંગે આદિમ જૂથના વિવિધ યોજનાકીય લાભાર્થીઓને લાભોનું વિતરણ પણ કરાયું હતું.

---------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## CM Bombay Ele.-VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે એક દિવસ માટે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે. મુખ્યમંત્રી પ્રવાસ દરમિયાન એક જ દિવસમાં ચાર જનસભાઓને સંબોધન કરશે. આવતીકાલે સવારે 10 વાગ્યે તેઓ દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી બિઝનેસ કમ્યુનિટી સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે.

તેમના આ પ્રવાસ દરમિયાન બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે તેઓ વાર્તાલાપ કરશે. ત્યારબાદ તેઓ બપોરે જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ

ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ વર્સોવા, અંધેરી, ઘાટકોપર ઇસ્ટ સહિત અન્ય સ્થળોએ સભા સંબોધશે.

-----------------------------------

## Porbandar Drug seizure

ભારતીય નૌકા દળ, ગુજરાતનાં ત્રાસવાદ વિરોધી દળ-ATS અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો-NCBની મદદથી પોરબંદરનાં દરિયાંમાંથી 70 નોટીકલ માઇલ દૂર 700 કિલો માદક પદાર્થોનો જથ્થો જપ્ત કર્યો છે, જેનું મૂલ્ય 3500 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. 'સાગર મંથન-4' નામનાં આ અભિયાનમાં આઠ ઇરાની ડ્રગ પેડલરની ધરપકડ કરવામાં આવી છે. તમામને માદક પદાર્થો સાથે પોરબંદર લાવવામાં આવ્યાં છે.

દિલ્હી એનસીબીની ટીમને પોરબંદરના દરિયામાં જહાજ મારફતે માદક પદાર્થો આવતા હોવાની મળેલી બાતમીને આધારે દિલ્હી એનસીબીની ટીમે નૌકા દળનો સંપર્ક કરીને ગઈ કાલે મોડી રાત્રે આ અભિયાન પાર પાડ્યું હતું.

સોશિયલ મિડીયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, એનસીબી, ભારતીય નૌકા દળ અને ગુજરાત પોલિસનું આ સંયુક્ત અભિયાન નશા મુક્ત ભારતનાં સપનાને સાકાર કરવાની સરકારની પ્રતિબધ્ધતાનું ઉદાહરણ છે.

શ્રી શાહે આ ઘટનાને ઐતિહાસિક સફળતા ગણાવીને આ અભિયાનમાં જોડાયેલી એજન્સીઓને અભિનંદન પાઠવ્યા છે.

-------------------------------

# ACCIDENT – 7 DEAD

રાજ્યમાં બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે.

અમદાવાદ-ઉદેપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મોડાસાના ગળાદરી નજીક પુલ પરથી કાર નીચે પકડાતા એક જ પરિવારના ચાર સભ્યોના મોત નીપજ્યા હતા. કારમાં સવાર પરિવાર શામળાજીથી દર્શન કરી પરત ફરતાં હતા, ત્યારે આ અક્સ્માત સર્જાયો હતો.

અન્ય એક બનાવમાં આજે વહેલી સવારે અંકલેશ્વરથી સુરત જતા રાજ્યના ધોરીમાર્ગ પર પૂરઝડપે જઇ રહેલી કાર ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે અન્ય એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ પ્રસંગે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન શુક્લ તીર્થની જાત્રામાં નર્મદા નદીમાં ન્હાવા ગયેલા ૩ લોકો ઉંડા પાણીમાં ગરકાવ થઇ ગયા હતા, જેમાંથી એકનું મૃત્યુ નીપજ્યું છે, જ્યારે બે વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે.

-----------------------------------

# DEV DIWALI

સમગ્ર રાજ્યમાં આજે દેવદિવાળીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

આજે સવારથી જ લોકો વિવિધ મંદિરોમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. યાત્રાધામ અંબાજી, પાવાગઢ, શામળાજી, ડાકોર અને બહુચરાજી સહિતના મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી છે.

બનાસકાંઠા જિલ્લામાં આજે દેવદિવાળી પર્વ પર દિયોદરના ધનકવાડા ખાતે હિંગળાજ માતાજીના મંદિરે અને લાખણીના આગથલા ખાતે લોક મેળો ભરાયો હતો. ગ્રામજનોએ માતાજીના દર્શન કરી મેળાનો આનંદ માણ્યો હતો.

ભરૂચ તાલુકાના પૌરાણિક શુકલતીર્થ ગામ ખાતે દેવ દિવાળી નિમિત્તે ભાતીગળ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભાતીગળ મેળામાં 600થી વધુ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. એસ.ટી.વિભાગ દ્વારા લોકો સરળતાથી મેળામાં પહોંચી શકે તે માટે 35 થી 40 એક્સ્ટ્રા બસ પણ દોડાવવામાં આવી રહી છે.

--------------

## PANCHMAHAL-GURUNANAK JAYANTI

ગુરુ નાનકજીની 555મી જયંતિની રાજ્ય સહિત સમગ્ર દેશમાં ઉજવણી થઇ રહી છે. ગુરુદ્વારાઓ સુંદર રોશનીથી શણગારવામાં આવ્યા છે અને લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યા છે.

ગોધરા શહેરના ભૂરાવાવ વિસ્તારમાં આવેલ ગુરુસિંઘ સાહેબ ગુરુદ્વારા ખાતે શીખ સંપ્રદાય સહિત અન્ય સમાજના લોકોએ ઉત્સાહભેર ઉજવણી કરી. ગુરુદ્વારા ખાતે અખંડ પાઠ સાથે લંગરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો.

--------------

# RAAJYAPAAL - KRUSHI SANWAAD-BHARUCH

નેત્રંગ તાલુકાના કેલ્વીકુવા ગામે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનો ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો જેમાં 150 જેટલા ખેડૂતોએ ભાગ લીધો. આ પ્રસંગે ખેડૂતો સાથેની વાતચીતમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી આવનારા સમયમા વરદાનરૂપ સાબિત થશે.

વધુમાં તેમણે ભરૂચ જિલ્લા વહીવટી તંત્રની પ્રાકૃતિક કૃષિ ઉત્કર્ષ પહેલની નવીન પદ્ધતિને બિરદાવી સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરવાની નેમ વ્યક્ત કરી. તેમણે ઉમેર્યું કે આ પહેલ અંતર્ગત ભરૂચ જિલ્લાના 4 હજાર 7 ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રમાણપત્ર મળેલ છે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી કરતા પાંચ ખેડૂતોનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરાયું.

----------------------------